Research Guru Volume-10 Issue-2(September,2016) (ISSN:2349-266X)

# વર્ગ-વિષમતાને રજૂ કરતી કૃતિ - 'ઢેડના ઢેડ ભંગી'

પ્રો. નીતા જોશી
હિન્દી વિભાગ
શ્રીમતી સી. આર. ગાર્ડી આર્ટ્સ કોલેજ, મુનપુર
તાલુકો: કડાણા, જિલ્લો: મહિસાગર, પીન: 389240

ગાંધીયુગ, અનુગાંધીયુગ અને સ્વાતંત્ર્યોત્તર કાળ દરમ્યાન સર્જન અને ચિંતનની પ્રવૃત્તિનું દર્શન કરાવનાર ઇડર તાલુકાના બામણા ગામમાં જન્મેલા શ્રી ઉમાશંકર જોશીએ તેમના નાટ્યસંગ્રહ 'સાપના ભારા' માં ઉત્તર ગુજરાતના નગરજીવન અને ગ્રામીણજીવનને બખૂબી વ્યક્ત કર્યું છે. નગરજીવનને આલેખતાં એકાંકીઓની તુલનામાં ગ્રામીણ સમાજનું કરુણગર્ભ વાસ્તવલક્ષી ચિત્ર રજૂ કરતી એકાંકીઓ પાઠક વર્ગને વધુ આકર્ષે છે.

ઉમાશંકરનું આગમન એ ગુજરાતી સાહિત્યની જ નહીં, ભારતીય સાહિત્યની પણ એક મહત્વની ઘટના ગણાવી શકાય. 'વિશ્વશાંતિ' (૧૯૩૧) ની રચના પછી ૧૯૩૨-૩૩ માં જેલવાસ દરમ્યાન જ 'સાપના ભારા' ના એકાંકીઓ રચાયાં છે. 'વિશ્વશાંતિ' માં જે વિશ્વશાંતિનો (**वसुधैव कुटुम्बकम्**) સૂર હતો તે ત્યાર પછી ૧૯૩૨ ના નાટકોમાં પણ રજૂ થયો છે. 'વિશ્વશાંતિ' ના કવિ તરીકે એમની સ્થાપના થઇ તે જ અરસામાં ઉમાશંકરે નાટ્યલેખન શરૂ કરી દીધું હતું. ઉમાશંકર કહે છે - "૩૨-૩૩ માં નો સમય મારા માટે એવો હતો કે નજર નાખું અને મને નાટક દેખાય."[૧] લેખકના એકાંકીના સંસ્કારને મેરિયટ સંપાદિત એકાંકી નાટકના પ્રથમ સંગ્રહ, વીસાપુરમાં મળેલ 'નાઇન વન-એક્ટ પ્લેઝ', યુરોપીય લેખકોના એકાંકીસંગ્રહો, જુદી-જુદી ભાષાના એકાંકીસંગ્રહો, મેક્સિકો અને ચીનનાં લોકનાટક, જાપાનના 'નો-નાટક', મેરિયટ અને માયોગોના સંગ્રહો તથા નાનપણમાં જોયેલા ભવાઇના વેશ વગેરેમાંથી પોષણ મળ્યું.[૨]

'સાપના ભારા' નાટ્યસંગ્રહના (૧૧) એકાંકીઓના મોટા ભાગના પાત્રોના નામ, એકાંકીઓના શીર્ષક, નાટકોની સૃષ્ટિ વગેરે આપણને અનિષ્ટ ચિંતક લાગે પણ જિંદગી સૌને જૂજવાં રૂપે જોવા મળે છે. એમને જેવી જોવા મળી તેવી પૂરતી સહાનુભૂતિ રાખીને રજૂ કરી છે. 'સાપના ભારા' (૧૧), 'શહીદ' (૧૧), 'હવેલી' (૦૧) એમ કુલ મળીને ૨૩ એકાંકીઓ લખાયેલાના ક્રમમાં છે. 'ઢેડના ઢેડ ભંગી' (૧૯૩૩) એ તેમની દસમી (૧૦) કૃતિ છે. 'સાપના ભારા' ના એકાંકીઓ સામાજિક અને બીજા અન્ય વિષયોને કેન્દ્રમાં રાખીને રજૂ કરવામાં આવ્યા છે.

'ઢેડના ઢેડ ભંગી' એ સામાજિક એકાંકી છે. આપણા મનમાં એ ખ્યાલ છે કે ગામડું જ અતિ સુંદર છે, નિર્દોષ છે પણ ઉમાશંકર બતાવે છે કે ગામડાંની જે સ્થિતિ આપણે કલ્પીએ છીએ તેવી નથી. એ વાસ્તવિકતાને લેખક આ એકાંકીમાં વ્યક્ત કરે છે. ગાંધીજીની મૂળ દ્રષ્ટિ ભાવનાત્મક હતી. તેનાથી આકર્ષાઇને આ સર્જકે દલિતો, શોષિતો, પીડિતોની વેદનાને, અન્યાયને વાચા આપી છે. 'વિશ્વશાંતિ' ના ઉદગાતા ઉમાશંકર જોશીના વિચારોમાં આ ભાવના જોવા મળે છે ----

"વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી,
પશુ છે, પંખી છે, પુષ્પો વનોની છે વનસ્પતિ !
- - - - - - - - - - -
પ્રકૃતિમાં રમતાં એ દુભાશે લેશ જો દિલે,
શાંતિની સ્વપ્નછાયાયે કદી માનવને મળે ?"[3]

અહીં પશુ, પંખી (પ્રાણીસૃષ્ટિ) અને પુષ્પો (પ્રકૃતિસૃષ્ટિ) પણ ન દુભાય તેની વાત ઉમાશંકરે કરી છે તો મનુષ્ય તો આ સૃષ્ટિમાં સૌથી સુંદર છે પણ એ જો માનવ દ્વારા જ દુભાશે તો સ્વપ્નમાંય કદી શાંતિ મળી શકવાની નથી. આ જ ભાવ લેખકની 'ઢેડના ઢેડ ભંગી' એકાંકીમાં પણ વ્યક્ત થાય છે.

ત્રણ દૃશ્યના 'ઢેડના ઢેડ ભંગી' એકાંકીમાં વર્ષોથી (પ્રાચીનકાળથી) ચાલ્યા આવતા વર્ણભેદની પ્રથા નિરૂપવામાં આવી છે. રામનારાયણ વિશ્વનાથ પાઠકના શબ્દોમાં જોઇએ તો - "ઢેડના ઢેડ ભંગી' માં ગામડાનો અસ્પૃશ્યો તરફનો સનાતન જડ અન્યાય દેખાય છે. તેમાં એટલી કરુણતા ન હોત તો તેની બેવકૂફીથી આપણને હસવું જ આવત."[૪] આ એકાંકી દલિતોને ઉતારી પાડવા કે નીચા પાડવા માટે નથી લખાયું પણ એમની સાથે સમાનતાનો ભાવ છે. એકાંકીમાં અમુક જાતિ માટે ઢેડ, ભંગી અને બીજા અન્ય શબ્દો ઢેડડાં, કમજાત, રાંડીરાંડ વગેરેનો ઉપયોગ થયો છે. આજના આધુનિક સમયમાં આ શબ્દોનો ઉપયોગ નિંદનીય ગણાય કારણ કે અત્યારે તો હરિજન, વણકર, પરમાર, સોલંકી વગેરે શબ્દોનો ઉપયોગ થાય છે પરંતુ જ્યારે આ એકાંકી લખાયું ત્યારે સમાજમાં, ખાસ કરીને ગામડાંઓમાં 'ઢેડ' આદિ શબ્દો પ્રચલિત હતાં. એ સંદર્ભમાં એકાંકીમાં આ શબ્દોનો ઉપયોગ થયો છે.

સમગ્ર સમાજવ્યવસ્થામાં રહેલા ઉંચ-નીચના ભેદભાવને વ્યક્ત કરતાં આ એકાંકીમાં એક તરફ સવર્ણો ઢેડને અસ્પૃશ્ય ગણીને તેમના પર અમાનવીય વ્યવહાર કરે છે તો બીજી તરફ ઢેડ પણ પોતાની જાતિને ઉંચી ગણીને ભંગીઓને અસ્પૃશ્ય માનીને તેમના પર અમાનવીય વ્યવહાર કરે છે. આમ, જે અન્યાય સહન કરે છે તે (ઢેડ) પણ બીજા (ભંગી) પર અન્યાય કરે છે. આ વાત જ ઉમાશંકરને કહેવી છે.

મનુવાદી વ્યવસ્થામાં જાતિ ઓળખાય તે માટે નામોનો જે રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેવો જ ઉલ્લેખ આ એકાંકીના પાત્રોમાં જોવા મળે છે. જેમ કે બ્રાહ્મણોના પૂજનીય, વંદનીય મનાતા છ (૬) અક્ષરના નામ જેવા કે વલ્લભાચાર્ય, શંકરાચાર્ય વગેરે. એકાંકીમાં સનાતની બ્રાહ્મણ ઓમકારબાપુનું નામ આ દર્શાવે છે. ક્ષત્રિયોના મોભાદાર, વજનદાર ગણાતાં પાંચ (૫) અક્ષરના નામ જેવા કે શક્તિસિંહ, હિંમતસિંહ વગેરે. વૈશ્યોના ગુણગાન, ચતુરતા ધરાવતાં ચાર અક્ષરવાળા નામ જેવા કે ધનપાલ, તેજપાળ વગેરે. શૂદ્રોના (દલિત, પછાતના) વેલા, વાર, ઝાડ-પાનવાળા બે (૨) કે ત્રણ (૩) જ અક્ષરવાળા નામ જેવા કે સોમો, મીઠો, કુબો, અમથો, મફત વગેરે.[૫] 'ઢેડના ઢેડ ભંગી' એકાંકીમાં ઢેડ અને ભંગી જાતિના નામ પણ બે કે ત્રણ અક્ષરમાં છે જેવા કે – કચરો, વાલિયો, બાલો, મેરુ, બાલાની પત્ની ધની, બાલાના બાળકો બબુડી, ગલિયો અને ભનિયો.

ગલિયો અને ભનિયો અહીં સૂચિત પાત્રો છે જેમનો આગળની એકાંકી 'વિરાટ જનતા' માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે જે એકાંકીના સ્વરૂપને વ્યક્ત કરે છે.

આમ જોવા જઇએ તો એકાંકીનું શીર્ષક 'ઢેડના ઢેડ ભંગી' બંને જાતિની ઓળખ ઊભી કરી જ દે છે. આ વાત એકાંકીમાં આવતા પ્રસંગથી સિદ્ધ થાય છે –

ડોસો : કોણ છો એ, આખી દન્યાઇનાં માબાપ થઇને ફરો છો તે ▯ નામઠામ તો બળ્યું હશે ને કંઇ ▯

કચરો : બાવાજી, ઢેડ ![૬]

\- - - - - - - - - - - - - - - - - -

હીરી : બાવજી, અમે તો ઢેડનાય ઢેડ ![૭]

આમ, નિમ્ન જાતિના લાકો સવર્ણોની સામે પોતાનું નામ ઉચ્ચારી શકતા ન હતા. તેમની ઓળખ જાતિથી જ પ્રગટ થાય છે. નામથી, ગુણોથી અને કર્મથી નહીં. 'ભગવદગીતા' માં ભગવાન શ્રીકૃષ્ણે "चातुर्वण्यं मया सृष्टं

गुणकर्मविभागशः" અર્થાત્ "બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર – આ ચાર વર્ણોનો સમૂહ ગુણ અને કર્મોના વિભાગ પ્રમાણે મારા દ્વારા સર્જાયેલો છે."[૮] કહીને ચારેય વર્ણોને ગૌરવ પ્રદાન કર્યું છે. સમાજની વ્યવસ્થાના ભાગ રૂપે ચાર વર્ણો અસ્તિત્વમાં આવ્યા હતા. તેમાં ઉંચ-નીચનો કોઇ જાતિભેદ હતો નહીં. માત્ર જન્મના આધારે જ નહીં પણ કર્મના આધારે તેના વર્ણ કે જાતિ નક્કી થતા હતા. આપણે તે વ્યવસ્થાને જન્મ પર આધારિત બનાવી દીધી.

બીજી રીતે જોઇએ તો કોઇ પણ વ્યક્તિ એક વિશેષ જાતિનો નથી હોતો, કારણ કે જ્યારે સવારે ઊઠીને નિત્યકર્મ કરે છે ત્યારે તે શૂદ્ર બની જાય છે. નાહી-ધોઇને પરવારીને કોલેજમાં ભણાવવા જાય ત્યારે બ્રાહ્મણ બની જાય છે. પોતાની જાતનું સ્વરક્ષણ કરવું પડે ત્યારે ક્ષત્રિય બની જાય છે અને પગાર લેતી વખતે વૈશ્ય બની જાય છે. એટલે કે વાસ્તવમાં તો આપણી નાત-જાત આપણા ગુણો અને કર્મના વિભાગ પ્રમાણે નક્કી થવા જોઇએ.

'ઢેડના ઢેડ ભંગી' એકાંકીના પ્રથમ દૃશ્યની શરૂઆત અમાસની ઘેરાતી રાતથી થાય છે. એ સૂચિત કરે છે કે સવર્ણોના કારણે ઢેડોના ઢેડોના કારણે ભંગીઓના જીવનમાં પણ અંધકાર અને નિરાશાનું વાતાવરણ છવાઇ જાય છે.

આમ તો બધા જ પ્રાણીઓ માટે પાણી અમૃત સમાન અને જીવતદાન આપનારું છે. પરંતુ જેને ઘણા સમયથી પાણી જ ન મળ્યું હોય એને ક્યારેક સવર્ણોના તળાવમાંથી પાણી મળી જાય ત્યારે તેને માટે પાણી અમૃત અને જીવતદાન આપનારું તો બની જાય છે સાથે-સાથે ઘી જેવું મૂલ્યવાન પણ બની જાય છે. તેથી જ તો કચરો કહે છે - "કેવું ઘી જેવું પાણી છે." વાલિયો કચરાની વાતનું સમર્થન તો કરે છે પણ સાથે એક કડવી વાત (કટુ સત્ય) બતાવે છે કે - "હવાડાની ઢોરાંની લાળ પી-પીને આયખું કાઢ્યું એટલે ઘી જેવું જ લાગે ને  ગમે તેવું હોય, પિવાય એ પાણી વળી. આપણે જલમથી નાકે ગયણું બાંધેલું ભા ! એ ચોખાવેડા ઊંચી વરણને પાલવે."[૯] અહીં પાણીને મૂલ્યવાની સાથે શુદ્ધ પણ બતાવવામાં આવ્યું છે પણ જે લોકોએ આખી જિંદગી ઢોરને પાણી પીવાના હવાડામાંથી જ ગંદુ પાણી પીધું હોય તેના માટે ગંદુ શું ને ચોખ્ખું શું  અર્થાત્ પાણીની સમસ્યા (કરૂણતા) વર્તમાનની જ નથી પરંતુ ઘણા જન્મારાઓથી, અતીતથી તેમની સાથે વણાઈ ગયેલી છે. જેમને સરળતાથી બધું પ્રાપ્ત થતું હોય તે લોકો જ ચોખ્ખાઇની વાતો કરી શકે આપણને તો તેનો પણ અધિકાર નથી.

સનાતની બ્રાહ્મણોના તળાવમાંથી ઢેડોને પાણી ભરવાની મનાઇ છે તેથી તેઓ ક્યારેક અંધારામાં છુપાઇને ડરીને પાણી ભરવા જાય છે. આમ, ઉચ્ચ જાતિના દમનને કારણે કે ભયને કારણે એ લોકો પોતાના સ્વભાવથી વિરુદ્ધ પરિસ્થિતિને વશ થઇને ચોરી કે અન્ય કોઇ દુષ્ટ કાર્ય કરવા પ્રેરાય છે. જેને સામાન્યતઃ લોકો તેમનો સ્વભાવ માને છે. વસ્તુતઃ તે દમનવૃત્તિથી આવેલું કાર્ય છે, સ્વભાવ છે.

સવર્ણ ઓમકારબાપુ તો ઢેડોને માણસની વિસાતમાં તો નથી ગણતાં પણ ઢોરની વિસાતમાં પણ ગણવા તૈયાર નથી. ઢોરથીય ભૂંડી દશા અહીં ઢેડ જાતિની છે. કચરો જ્યારે કહે છે કે - "તું કોણ છે, લ્યા  મારી સામું બોલે છે તે  અમે તમને ઢોર ગણીએ, તે, બનાવવા હોત તો પહેલેથી બગવાન તમને ઢોર ન બનાવત."[૧૦] આમ સવર્ણો (બ્રાહ્મણો) ભગવાનનું નામ આગળ ધરીને ઢેડ જાતિ પર અને કુદરતે આપેલી પાણી જેવી સંપત્તિ પર પોતાનો અધિકાર પ્રાપ્ત કરી લે છે. (એ કંઇ ઢેઢડાં માટે ભર્યું નથી.) વળી, સવર્ણો ધર્મના બહાને વાલિયા જેવા ભગતમાં શાસ્ત્રોનો ડર ઊભો કરી દે છે તેથી જ તો વાલિયો કહે છે - "આમ ઊંચી વરણના ચાળા કરવા જશે તો આ જલમે તો ઢેડ છે ને આવતે જલમે વળી ભંગિયો થશે, ભંગિયો."[૧૧] કચરાના વિદ્રોહને ધર્મના, ભગવાનના ડરથી શાંત કરી દેવામાં આવે છે.

સનાતની બ્રાહ્મણ ઓમકારબાપુના સંવાદોથી એ વાતની જાણ થાય છે કે ઢેડ લોકોને તળાવના પાણી પર અને નદીના વહેતા પાણી પર પણ અધિકાર નથી. કેમકે તળાવ પર ઓમકારબાપુનો હક અને નદીના પાણી પર ગામના શુક્લોનો હક, નિયમ લાગુ પડી જાય છે. સાથે-સાથે ઢેડ જાતિના લોકોને વીરડો (કુવેડી) ખોદવાનું અને ગામની બહાર નદીકિનારે રહેવાનું પણ સૂચન કરી દે છે.

પ્રથમ દૃશ્યના અંતમાં જ્યારે ઓમકારના ઘરમાં આખી જિંદગી ઘાસલાકડાં કરનારી ધનીના છોકરાનો જીવ ઓમકારનો જ પત્થર વાગવાથી જઇ રહ્યો હોય છે ત્યારે કચરો (ઢેડ) ગોકળિયા કાજે ચાંગળું (થોડુંક) પાણી માગે છે. જવાબમાં ઓમકારનો સંવાદ - "હવે પાછો ન જોયો હોય તો ગોકળિયાવળો !... ઢેડમાં વળી ગોકળિયા ! સાળાંએ અમારા નામ પણ અભડાવી માર્યા !"[૧૨] અહીં સૂચિત થાય છે કે ઉચ્ચ જાતિના લોકો સાથે દલિતો કોઇપણ પ્રકારનો સંબંધ તો ન રાખી શકે પરંતુ તેમના જેવા નામ પણ ન રાખી શકે કે ઉચ્ચારી શકે. નામમાં તો ભેદભાવ રાખે જ છે પણ ભેદભાવની પરાકાષ્ઠા તો એ છે કે ધનીના છોકરાને બચાવવાને બદલે પોતે પકડાઇ જશે એવા ડરથી ત્યાંથી ખસી જાય છે. અહીં માનવતાનો એક અંશ પણ જોવા મળતો નથી.

આપણે જોયું કે પ્રથમ દૃશ્યમાં અમાસની અંધારી રાતને ઉમાશંકરે નિર્દેશીને એવું સૂચન કર્યું છે કે શૂદ્રો માત્ર અંધકારમય જીવન જીવે છે. આગળ જતાં એ જ શૂદ્રોના જીવનમાં સ્વાવલંબનની ભાવના તથા વૈચારિક વિદ્રોહની સ્થિતિ ઉત્પન્ન થતાં તે લોકો સવર્ણોની મદદ ન લેવી પડે તે માટે માત્ર દસ જ દિવસમાં પોતાની કુવેડી તૈયાર કરી દે છે. બીજા દૃશ્યમાં તે જ કુવેડી ભંગીઓ માટે બ્રાહ્મણોના તળાવ બરાબર બની જાય છે. બીજા દૃશ્યમાં અજવાળી ચૌદશ ઢેડ લોકોની બદલાયેલી પરિસ્થિતિને સૂચવે છે તો બીજી તરફ ભંગીઓના જીવનમાં ગમગીની છવાઇ જાય છે. કારણ કે ઢેડોને તો બ્રાહ્મણોનો જ અન્યાય સહન કરવો પડતો હતો જ્યારે ભંગીઓને તો બ્રાહ્મણો અને ઢેડોનો બંનેનો અન્યાય સહન કરવો પડે છે.

બીજા દૃશ્યનો આરંભ બાલો અને મેરુના (ભંગીના) રાત્રે કુવેડીમાંથી પાણી ભરવા જવાના પ્રસંગથી થાય છે. જાણ થાય છે કે ઢેડ લોકોની કુવેડીમાંથી ભંગી પાણી ન ભરી શકે. પાણી ભરવા જાય છે ત્યાં અચાનક કોઇ અવાજ આવવાથી મેરુ બાલાને ઘરભેળા છઇ જવાનું કહે છે ત્યારે બાલો ડર્યા વિના, આવેશભર્યા અવાજથી પોતાની નિર્ભયતા અને ઘરની કરુણતા બતાવે છે કે - "હવે તો ધરતીમાતા આપણને ગળી જાય, એની મરજી એમ હોય તો ! મારી મારી બકરીઓ ને મેંડી ગાય તે પાણી પીને તડાતૂડ પેટ ઘેર આયાં ને બૈરી-છોકરાના-બિચારાં માણસના-તે કંઠ સૂકાય છે !"[૧૩] અર્થાત્ પશુઓને પાણી મળે છે પણ માણસોને નહીં, આ તે કેવી કરુણતા.

ઢેડોએ બનાવેલી કુવેડીમાં ઓમકાર પડી જાય છે. ઓમકારનો 'મને બહાર કાઢો' નો અવાજ સાંભળતા બાલો અને મેરુ તેને બહાર કાઢે છે. બહાર કાઢતાંની સાથે બાલો ઓમકારને પગે લાગતાં કહે છે કે આજે તો હું પવિતર થઇ ગયો પરંતુ ઓમકાર પોતાનો પગ પાછો ખેંચી લેતાં કહે છે કે તે તો મારી ઇકોતેર પેઢી પાતાળે ડૂબાડી દીધી. આ બાજુ બાલો પોતાનો ભવ તરી ગયો હોય એવું માને છે કારણ કે તેના હાથે એક બ્રાહ્મણનો જીવ બચી ગયો છે. જ્યારે બ્રાહ્મણ ઓમકાર પોતાનો જીવ બચાવનાર બાલા સાથે અસ્પૃશ્યતાનું વલણ દાખવે છે, સાથે ઉપકારનો બદલો અપકારથી આપે છે. ઓમકારમાં માત્ર જાતિગત માન્યતાઓ જ રહેલી છે, માનવતાના ગુણો સહેજપણ નથી. એની પ્રતીતિ થાય છે. જેની પાસે (બ્રાહ્મણો, સવર્ણો) સમાજ માનવતા કે નૈતિકતાની અપેક્ષા રાખે છે તે લોકો માનવતાને ભૂલી ગયા છે. જ્યારે ભંગી તિરસ્કૃત થવા છતાં પોતાનાથી એક જીવ બચી ગયો અને તેનાથી પોતાનો ભવ તરી ગયાનો સંતોષ માને છે. અહીંયા માનવતાની મહેંક ભંગીમાં જોવા મળે છે છતાંય જે-તે સમયની તેમની પરિસ્થિતિને આપણે કલ્પી શકીએ છીએ.

ઓમકાર અને તેના ભત્રીજા વલ્લભના સંવાદમાં આપણે જોઇ શકીએ છીએ કે ભંગીની કુવેડીમાંથી પાણી ભરે તો તે પાણી અભડાઇ જાય છે. અર્થાત્ ઊંચી વરણના પાણી ઢેડથી અને ઢેડના પાણી ભંગીથી અભડાઇ જાય છે. વલ્લભ જ્યારે પોતાની ખીલતી જતી બુદ્ધિ પર પ્રકાશ પાડતાં જણાવે છે કે ઢેડાં તો ભંગિયાનું અડ્યું ન અડ્યું કરે છે એટલે પાછાં ઢેડાં ઊંચી વરણને અડવામાં સંકોચ નહીં કરે ત્યારે ઓમકાર સાવચેત થઇને કહે છે કે ઢેડાંઓને સમજાવો કે ભંગી એ ભંગી છે. ઢેડ અને ભંગી વચ્ચે અંતર ઓછું થયું તો જાણજો કે ઊંચી વરણ અને ઢેડ વચ્ચે પણ અંતર ઘટ્યું...તેથી હવે ભંગીના અડકવાથી આ કુવેડી નકામી થઇ ગઇ છે તેથી પુરાવી દેવી પડશે. અહીં બ્રાહ્મણ કે ઊંચી જાતિને ડર છે કે જો નિમ્ન જાતિના લોકોમાં પણ અંદર-અંદર ઉંચ-નીચના ભેદ નહીં રાખીએ તો તેમનો પ્રભાવ એ લોકો પર રહેશે નહીં. આમ, પોતાનો દમામ રાખવા માટે સવર્ણો ઢેડ અને ભંગી વચ્ચે ભેદ પડાવે છે અને તે માટે શાસ્ત્રના ખોટાં વચનો શાસ્ત્રથી અજ્ઞાન લોકોની સામે પ્રમાણિત કરે છે. પઁ ત્યાં ભંગી બાલો જરૂર તેમને આ કાર્ય કરવા માટે રોકે છે - “બાપ ! અમારે વાંકે એમને શા માટે મારો છો  ધોને પાપે પીપળાને શીદ બાળો છો ”[૧૪]

ઓમકાર જ્યારે ભંગીઓના માટલાં અને તેમના માથાં ફોડી નાખવાની વાત કરે છે ત્યારે ભંગીઓના શરીરબળનો તો પરિચય મળે છે પણ સાથે એમની પર ઠોકી બેસાડેલી ગુલામીનો પણ પરિચય થાય છે. કારણ કે આ ગુલામી પંદર-વીસ પેઢીઓથી ચાલી આવી છે.

વલ્લભ તેના કાકા ઓમકારને તળાવમાં ડૂબકી મારીને અને શુક્લને પૂછીને પ્રાયશ્ચિત કરી લઇ પવિત્ર થવાનું સૂચન કરે છે ત્યારે ઓમકાર તેની કેટલીય પેઢીઓથી ચાલ્યા આવતા આચાર-વિચારની અને પૂજાની વાત કરે છે. પૂર્વજો અભડાઇ ન જાય તે માટે તો આખી જિંદગી કદી ગાડીમાં પણ બેઠો નથી. તારે તો શું કદી આચમની પાણી પણ ઉડાડવું નહીં. અહીં એ સ્પષ્ટ જોઇ શકાય છે કે બધા જ બ્રાહ્મણો શાસ્ત્રના આચાર-વિચાર પ્રમાણે કર્મ કરતાં નથી. કોઇક ઓમકાર જેવા જડતાથી શાસ્ત્રના આચાર-વિચાર કે માત્ર કર્મકાંડને માની અસ્પૃશ્યતાને વધારે ને વધારે બળ આપે છે.

ત્રીજા દૃશ્યની શરૂઆત પૂર્ણિમાની રાતથી થાય છે પરંતુ એ જ ચાંદની દૃશ્યના અંતમાં ફીકી પડી જાય છે તે આપણે બાલા અને તેની પત્ની હીરીના સંવાદો દ્વારા જાણી શકીશું. બંને પતિ-પત્ની એકબીજાની મદદ લઇને ટોપલીઓ પણ ગામમાં બ્રાહ્મણ વેચવા દેતા નથી. ગંગાબાઇ જેવા હીરીની પાછળ કૂતરા દોડાવે છે. ફળિયાના તોરણ સુધી પણ પગ મૂકવા નથી દેતા. અહીં પોતાના પરિશ્રમથી પૈસા કમાઇને પોતાનું પેટ ભરે છે તો તે કામ પણ ઉચ્ચ જાતિના લોકો કરવા દેતા નથી. આ કેવી તેમની દુર્દશા છે તે આપણે જોઇ શકીએ છીએ. બાલા અને હીરીના બાળકો જ્યારે ભૂખથી પીડાય છે ત્યારે ખાવાનું માગે છે તો તેમને અકળાયેલી માતાનો માર ખવો પડે છે. આ ભૂખની સમસ્યા બાલા અને હીરી સાથે નાનપણથી જોડાયેલી છે જે બાલાના સંવાદથી ખબર પડે છે - “હશે ! તું ને હુંય કઇ રીતે આવડાં થયા છીએ ”[૧૫] ઘરમાં પડેલા જૂના મહુડાને શેકવા માટે દેવતા લેવા ઢેડવાડે જાય છે પણ ત્યાંથી દેવતા મળતો નથી. આમ ભંગીને ઉચ્ચજાતિના લોકો અને ઢેડ પણ તુચ્છ માને છે. કદાચ પોતાના આંગણે આવેલ કૂતરા-બિલાડાંને ખાવાનું આપતાં હશે પણ ભંગીને પોતાના માનસપટ પર પડેલ આભડછેટને કારણે એક અગ્નિનો તણખો પણ આપતા નથી. વાણિયાઓ તો દીવાપેટીના મૂલે આખા ટોપલાને આપી દેવા તૈયાર હીરીને દીવાપેટી આપતા નથી જ્યારે બીજી તરફ બાલો પોતાની દીવાપેટીની અનિવાર્યતા જાણતો હોવા છતાં તેનામાં રહેલ ઉદારતાના ગુણોને કારણે કોઇકને ચલમ ફૂંકવા માટે દીવાપેટી આપી દે છે.

ઓમકારબાપુને પવિત્ર કરવા માટે અને ઢેડોના પ્રાયશ્ચિત સ્વરૂપે શુક્લના કહેવાથી ભંગિયાની ઝૂંપડીનો હોમ કરવાની વાત અને કુવેડીને પુરાવી દેવાની વાત લઇને વાલિયો ભગત બાલાની સમક્ષ આવે છે. બાલો તો ભગતને ધર્મને જાણનાર બ્રાહ્મણ સમાન માનતો હતો પણ જ્યારે ભગત કહે છે કે “અમારે કંઇ ધરમ બુડાવવો નથી સાવ ! તો-તો કદી ઢેડમાંથી તરીએ જ નહિને ?”[૧૬] અહીં ભગત જે ધર્મને થોડે ઘણે અંશે જાણે છે તે પણ જાતિગત ભેદભાવ અને અસ્પૃશ્યતાનો ભોગ બનેલ હોવા છતાં શુક્લની વાતને સહજ રીતે સ્વીકારીને ભંગી તરફ અસ્પૃશ્યતાનો ભાવ રાખે છે. બ્રાહ્મણોની વાતનું સમર્થન કરીને જાણે પોતાની જાત તરી જતી હોય તેવું તેને લાગે છે તે જ માત્ર અહીં દેખાય ઠે. તે જ સમયે બાલાની પત્ની હીરીનું વાક્ય - “બાવાજી, અમે તો ઢેડનાય ઢેડ” ઘણું બધું કહી જાય છે. અર્થાત્ તમે તો સવર્ણોની વાતનું સમર્થન કરતા પોતાની જાતનો ઉદ્ધાર કરી લેશો પણ અમારું શું ? અમારી ઉપર તો સવર્ણો અને ઢેડ બંનેનો અન્યાય છે. એટલે જ પૂરવાર થાય છે કે ‘ઢેડના ઢેડ ભંગી’

ઉચ્ચજાતિના લોકો તો પાણી કે દેવતા આપવો કે અડકવું તે પૂરતી જ આભડછેટની વાત માનતા નથી. અરે ત્યાં સુધી કે શબ ઉપર મૂકવામાં આવેલી થાપણ કે વસ્ત્ર જે અગ્નિદાહ દરમ્યાન સ્મશાનમાં મૂકી દેવામાં આવે છે જેનો ઉપયોગ કરીને ભંગી પોતાનો દેહ ઢાંકી શકે છે તે પણ તેમની પાસેથી છીનવી લેવામાં આવે છે. પંચમાં એવું ઠરાવવામાં આવે છે કે સાલ્લો કે ધોતિયું મડદા સાથે જ બાળી નાખવું કારણ કે ભંગી તે લઇ જશે અને પહેરશે તો ક્યારેક રસ્તામાં તે વસ્ત્ર, ચીંથરાની આભડછેટ વધશે. અહીં આપણે જોઇ શકીએ છીએ કે ભંગી પોતાના દેહને પણ ન ઢાંકે અને તેથી બહાર ન નીકળે જેથી આભડછેટ લાગે નહીં તેવો વિચાર સવર્ણોનો છે.

ઓમકારને કૂવેડીમાંથી બહાર કાઢવાના ફળ સ્વરૂપે પોતાની પાસે રહેલી એક માત્ર ઝૂંપડીનો પણ હોમ કરી દેવામાં આવશે તેવા અપશુકન હીરીને થાય છે. બાલો પહેલાં તો આ વાત સ્વીકારતો નથી પણ જ્યારે ચાંદની ફીકી પડતી જાય છે, ચંદરમા હોલાતા જાય છે અને પ્રકાશ વિલાતો જાય છે ત્યારે જાણે બાલાને લાગે છે કે ભંગીઓનું નસીબ હોલાવા લાગ્યું છે. અહીં સમગ્ર પરિવેશને જીવંત કરવામાં આવ્યો છે. એટલે જ તો બાલો કહે છે કે - “આપણા આયખા પર હેમેશનું ઘૈણ ઘેરાયેલું જ છે ને ?”[૧૭] બંને પતિ-પત્ની દુ:ખી છે કે આ ગ્રહણ આપણને ગ્રસિત કરી જશે.

આમ, ઢેડો સાથે તો પાણીનો જ અન્યાય થાય છે પણ ભંગીઓ પાસેથી તો પાણી, અગ્નિ, વસ્ત્ર અને ઘર પણ છીનવી લેવામાં આવે છે. સમગ્ર માનવજાતમાં રહેલી વર્ગ-વિષમતાનું ચિત્ર આ રીતે ઉમાશંકર જોશીએ અહીં ઉપસાવી આપ્યું છે.

છેલ્લે ફૂલફટાક ચંદરમા પણ અડધો અડધ કાળામેશ રંગાઇ જાય છે, પ્રકાશ પણ કાળાશથી બિહામણો થતો હોય તેમ ધરતીનો જાણે કે આરો આવ્યો હોય તેમ હીરીના દર્દભર્યા ડૂસકાંથી એકાંકીકાર એકાંકીનો અંત કરે છે. આમ, એકાંકીનો આરંભ અમાસના અંધકારથી અને અંત પણ અંધકારથી થાય છે અર્થાત્ અહીં એક વર્તુળ પુરું થાય છે.

એકાંકીમાં ઘણી જગ્યાએ કૌંસમાં આલેખાતી ભાષા પણ કેવળ સૂચન ન બનતાં સર્જક ભાષા બની જાય છે. પ્રથમ દૃશ્યમાં “ઢેફુ માટલા પર પડે છે ને પાણી ભેળા મળી જતા પાણીનો દદડાટ સંભળાય છે...છોકરો બીકનો માર્યો કે ઠેસ વાગવાથી પડી જાય છે ને ભુસ્સ કરતા માટલાના પછડાટમાં એના પોતાનો પડવાનો અવાજ ડૂબી જાય છે.”[૧૮] અહીં કરુણતા એ છે કે પાણીનો દદડાટ અને માટલાંનો તૂટવાનો અવાજ તો સંભળાય છે પણ વર્ષોથી દબાયેલા, કચડાયેલા, શોષિત લોકોનો અવાજ શાસક વર્ગના સત્તાના પડઘામાં ડૂબી જાય છે. મનુષ્યના જીવનને અસ્પૃશ્ય કરતાંય નિમ્ન ગણવામાં આવ્યું છે.

બીજા દૃશ્યના અંતમાં ક્યાંક તો લેખક આવા સૂચનનો મર્મ ભાવક પકડી નહીં શકે તેવી દહેશતથી પોતાનો અભિપ્રેત અર્થ ખુલ્લો કરી આપે છે. જેમ કે - "એક ઢેફું લઇને માટલાં પર નાખે છે. 'કડડ' કરતાં માટલાં ભાંગીને ભૂક્કો થાય છે. માટલાં કે કેલાંક હૃદય □"[૧૯] અહીં લેખકનું હૃદય કંપિત થઇ જાય છે. કેમકે માટલાં નથી તૂટતાં પણ કેટલાંય માણસોના હૃદય તૂટી જાય છે. અહીં કાવ્યાત્મકતા દ્વારા લેખક સ્થૂળ દ્વારા સૂક્ષ્મની વાત રજૂ કરે છે.

ત્રીજા દૃશ્યમાં એકાંકીના અંતમાં જેમ કે - "વધતી જતી કાળાશથી પ્રકાશ બિહામણો થતો જાય છે. એને વધુ બિહામણો કરતું હીરીનું ડૂસકું સંભળાય છે."[૨૦] આ સૂચન સંવેદનની ભૂમિકાએ સ્પર્શે છે તેવું દૃશ્યની ભૂમિકાએ સાર્થક નીવડતું નથી.

આમ, રંગમંચના સંવાદો સાથે તો લેખકની સંવેદના જોડાયેલી છે જ પરંતુ રંગમંચ સિવાયની સૂચિત ભાષા સાથે પણ લેખકની સંવેદના જોડાયેલી છે. આ ત્રણેય પ્રસંગોમાં સર્વહારા વર્ગની યાતનાનો તાદૃશ્ય ચિતાર કોઇને પણ હચમચાવી મૂકે તેવા કરુણ વાસ્તવની ભૂમિકા એ આલેખાયો છે.

આમ, આ જાતિવાદ અને વર્ણભેદના મૂળ આપણા સહુમાં એટલે સુધી ઊંડે ઊતરી ગયા છે કે એમાંથી બહાર નીકળી શકવું અશક્ય બની ગયું છે. આજે એકવીસમી સદીમાં પણ નાત-જાત અને વર્ણભેદને આપણે દૂર કરી શક્યા નથી. વિશ્વબંધુત્વની વાતો આપણે જરૂર કરીએ છીએ પરંતુ આપણા હરિજન ભાઇને અપનાવવા આપણે તૈયાર નથી.

મનુષ્યના ગુણો કે માનવતાની મહેંકની આકાંક્ષા બ્રાહ્મણ કે ઉચ્ચ જાતિ ઉપર સમાજ રાખે છે પરંતુ આ એકાંકીમાં તેમનામાં રહેલાં માનવતાના ગુણો ધર્મના બાહ્યાડંબરમાં તે ભૂલી જાય છે અને પોતાના જન્મને તારવાની જગ્યાએ બગાડે છે. જ્યારે બીજી તરફ સવર્ણો જેમને અસ્પૃશ્ય માને છે તેવા ઢેડ અને ભંગી અને તેમાંય ભંગીમાં માનવતાના ગુણો રહેલા છે. કેટલીક દાર્શનિકતા પણ છે અને ઇશ્વર પરની થોડી આસ્થા પણ છે. જેથી તેઓ પોતાના ઉપર થતા ગમનોને સહન કરે છે, સ્વીકારે છે અને છતાં માનવતાના કામ કરે છે. આ ભાવ પ્રસ્તુત લેખમાં પ્રગટ થાય છે.

અહીં ઉમાશંકર પોતાના સાંપ્રત સમયમાં ઢેડ અને ભંગીઓ મનુષ્ય હોવા છતાં પશુઓ કરતાંય બદતર જીવન જીવે છે તે બતાવતા માગે છે તેથી આ એકાંકી કરુણાન્તિક છે. તેમનું આવું જીવન લેખકના સહૃદયને દ્રવિત કરે છે. ધર્મના બાહ્યાડંબરનો અંચળો ઓઢીને ફરતા લોકોમાં રહેલી સંવેદના જગાડવાનો ઉમાશંકર જોશીનો પ્રયત્ન છે.

## સંદર્ભ ગ્રંથ


૧. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા, ધીરુભાઈ ઠાકર

૨. શૈલી અને સ્વરૂપ, ઉમાશંકર જોશી

૩. સમગ્ર કવિતા, ઉમાશંકર જોશી

૪. સાપના ભારા, ઉમાશંકર જોશી

૫. 'પડકાર' ન્યૂઝ સાપ્તાહિક, વર્ષઃ ૧, અંકઃ ૧૪

૬. શ્રીમદભગવદગીતા ૪ – ૧૩, સંપાદિકાઃ ડૉ. સુહાસ ઝાલા